બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

કુલ ગુણ - ૧૦૦

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ચોવીસમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૦)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ હનુમાનજી - ભક્તિમાતાને (૨/૪)
➩ કૃત્યાઓ પાસેથી બાળપ્રભુને લાવીને ભક્તિમાતાને પાછા આપ્યા ત્યારે પગે લાગીને હનુમાનજી ભક્તિમાતાને કહે છે.

૨. ➩ રાયદર્શન - માનસંગ, દિલ્લીસંગ, ભીમસંગ (મલ્લો) ને (૨૧/૩૨)
➩ મલ્લોએ અયોધ્યાના રાજા રાયદર્શનસિંહને કહ્યું : 'અમો ઘનશ્યામ સાથે મલ્લયુધ્ધ કરીને તેને હરાવી દઈશું' ત્યારે.

૩. ➩ ઘનશ્યામ - બધાંને (ધર્મપિતા અને રામપ્રતાપભાઈને) (૨૨/૩૭)
➩ ધર્મપિતા અને રામપ્રતાપભાઈનો હાથ ઝાલીને ઘનશ્યામ તેમને મીઠાઈની દુકાનમાં જઈને મીઠાઈના ટોપલા બતાવતાં કહે છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ઘનશ્યામનું નામ માર્કંડેય મુનિએ પાડ્યું. (૪/૭)
૨. ખાંપા તળાવડીએ ગાયો ઘનશ્યામને વીંટળાઈને ઊભી રહી. (૨૩/૩૯)
૩. ઘનશ્યામને ગોમતી ગાય વધારે વહાલી હતી. (૩૭/૬૬)
૪. ભક્તિમાતાને ભૂખ લાગી ત્યારે ઘનશ્યામે આઠ સિદ્ધિઓને ભોજન લાવવા આજ્ઞા કરી. (૮/૧૨)

**પ્ર.૩ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **ઘનશ્યામે કાન વીંધાવ્યા :** ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને બૂમ પાડી બોલાવ્યા અને કહ્યું : 'આ જુઓ ઘનશ્યામ આંબલીના ઝાડ પર બેઠા છે, તો તમે ઝાડ પર ચડીને તેમને ઉતારો.'' (૬/૯)

૨. **ચકલાંઓને સમાધિ :** ચકલાંઓને સમાધિ થઈ એટલે ઘનશ્યામ તો બાજુમાં માધવરામ શુક્લનું ખેતર હતું ત્યાં ચાલ્યા ગયા. ત્યાં જઈને પોતાના બાળમિત્રો રઘુવીર અને બકૂસરામ સાથે રમવા લાગ્યા. (૧૪/૨૨)

૩. **એકાદશીનો મહિમા :** જ્યારથી જગન્નાથપુરીમાં એકાદશીને ઊંચી બાંધી છે, ત્યારથી લોકો એકાદશી નથી કરતા. લોકો સમજે છે કે ભૂખ્યા રહેવું તે આત્માને કષ્ટ દેવા બરોબર છે. (૩૧/૫૬)

૪. **રામદત્તને કેરી ચખાડી :** ઘનશ્યામે તેના ખભા પર દોરી અને લોટો હતાં તે લઈ લીધાં. ઘડીક વારમાં તો ઘનશ્યામ દોરી-લોટો લઈ ઝાડ પર ઊંચે પહોંચી ગયા. (૧૭/૨૬)

**પ્ર.૪** 'વાંદરાઓને મેથીપાક ચખાડ્યો' (૧૬/૨૪) **- પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. ઘનશ્યામ થાળીમાં પૂરી અને દહીં લઈને ઓશરીમાં જમવા બેઠા ત્યારે એક તોફાની વાંદરો આવીને પૂરી ખૂંચવીને આંબલીની ડાળે જઈને બેઠો.
૨. ઘનશ્યામે આંબલીની ડાળ સુધી હાથ લાંબો કરી વાંદરાને ગરદનેથી પકડતાં વાંદરાએ ચિચિયારી પાડતાં વીસેક વાંદરાનું ટોળું આવીને ઘનશ્યામને ઘેરી લીધા.

૩. ધર્મપિતા ઘરમાં લાકડી લેવા ગયા અને ઘનશ્યામે જેટલા વાંદરા હતા એટલા સ્વરૂપો કરી બધા વાંદરાને પકડ્યા.

૪. ઘનશ્યામે કોઈકને કાન પકડીને, કોઈકને ઝાલીને ફગાવ્યો, કોઈકને પૂંછડેથી, કોકને બોચીએથી પકડી ઝાલીને ફેંકતા બીકના માર્યા ચિચિયારીઓ પાડતાં વાંદરા દૂર નાસી ગયા.

૫. લાકડી લેવા ગયેલા ધર્મપિતાએ બહાર આવીને જોયું તો બધા વાંદરાઓ નાસી ગયા હતા. આ જોતાં તેમને થયું નક્કી આ બાળક ભગવાન જ છે.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૪૪/૭૮) **૨.** ૧, ૩ (૩/૫-૬) **૩.** ૨, ૩ (૩૮/૬૭) **૪.** ૧, ૪ (૯/૧૩-૧૪)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઘનશ્યામ પીપળાના ઝાડ પર ચડીને પશ્ચિમ દિશા તરફ જોતા હતા. (૧૮/૨૯)

જ. પશ્ચિમમાં ગુજરાત, કાઠિયાવાડ દેશ છે. ત્યાં શ્રીકૃષ્ણની દ્વારકા છે. તે દેશમાં ભગવાનને મળવા માટે તલસી રહેલા કેટલાય મુમુક્ષુઓ રહે છે. મારે ત્યાં જવું છે. ત્યાંના ભક્તો મને પુકારે છે.

૨. કાશીમાં સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. (૪૩/૭૬)

જ. કાશીના પંડિતોની વિનંતીથી અને ધર્મપિતાની આજ્ઞાથી ઘનશ્યામે ચર્ચાનો દોર હાથમાં લઈ વેદની શ્રુતિઓના ગહન અર્થોને સુંદર છટાથી સમજાવ્યા ગંગાના અસ્ખલિત પ્રવાહની જેમ બાળપ્રભુએ શાસ્ત્રોનાં પ્રમાણોથી વિશિષ્ટાદ્વૈત મતનું એટલું સુંદર પ્રતિપાદન કર્યું કે સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

૩. આંબાવાડિયામાં ભયંકર વાવાઝોડું અને વરસાદ થયો. (૧૧/૧૬)

જ. આંબાવાડિયામાં ઘનશ્યામને મારવા આવેલા કાલિદત્ત સામે ઘનશ્યામે દૃષ્ટિ કરતાં કાલિદત્ત બળવા લાગ્યો. તેથી ગુસ્સે થયેલા કાલિદત્તે પોતાની જાદૂઈ વિદ્યાથી ભયંકર વાવાઝોડું અને વરસાદ શરૂ કર્યા.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ જાગા સ્વામી - ઝીણા ભગતને (૯/૧૩)

➪ ઝીણા ભગતને જ્યારે જાગા સ્વામીએ સ્વપ્નમાં દર્શન દીધાં ત્યારે તેમણે જાગા સ્વામીને કહ્યું કંઈ ઉપદેશ આપો તો સારું

૨. ➪ હરગોવિંદદાસ મહેતા - યોગીજી મહારાજને (૧૪/૨૧)

➪ રાજકોટમાં યોગીજી મહારાજની કાંઈક નાની ભૂલ થઈ તરત જ વિજ્ઞાનદાસ સ્વામી નામના સાધુએ ગુસ્સે થઈને યોગીજી મહારાજને જમતા ઉઠાડી મૂક્યા. આ હરગોવિંદદાસે જોયું. તેથી તેમણે યોગીજી મહારાજને કહ્યું : તમે આટલું બધું સહન કેમ કરો છો ? તમને ઘરે નાસી જવાનું મન નથી થતું ?

૩. ➪ બે શિક્ષકો - ઝીણાભાઈને (૫/૭)

➪ શાળામાં અડધો કલાકની છુટ્ટી મળે ત્યારે બધા છોકરાઓ રમત રમતા હોય ત્યારે ઝીણાભાઈ કોઈક ખૂણામાં અથવા ઝાડ નીચે બેસીને ભગવાનનું ભજન કરે, ભગવાનને સંભારે, ધ્યાન કરે. તેથી શિક્ષકોને મનમાં થાય 'આ ઝીણો શું કરતો હશે ?' તેથી બે શિક્ષકો પૂછે છે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ઝીણાભાઈ રોજ પાતાળિયા ઝરા પાસે ધ્યાન કરતા હતા. (૨/૨)

૨. શાસ્ત્રીજી મહારાજના પ્રથમ મિલનમાં ઝીણા ભગતે અને સંતોએ ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની માળા અને તુંબડી ભેટ ધરી (૧૦/૧૩)

૩. યોગીજી મહારાજને બાર કલાકમાં નાગનું ઝેર ઊતરી ગયું. (૨૧/૩૧)

૪. શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપદાસને ચાદર ઓઢાડી ત્યારે નારાયણસ્વરૂપદાસની ઉંમર અઠ્ઠાવીસ વર્ષની હતી. (૩૩/૫૦)

**પ્ર.૯ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : આદર્શ વિદ્યાર્થી (૪/૪)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૨ | ૫ | ૭ | ૮ | ૧૦ | ૧૧ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ૧૧ | ૫ | ૧૦ | ૮ | ૨ | ૭ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો : જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૦** 'શાસ્ત્રીજી મહારાજ પ્રગટ છે' (૨૪/૩૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

સંવત્ ૨૦૦૭ની સાલમાં શાસ્ત્રીજી મહારાજે માંદગી ગ્રહણ કરી. તેમણે કહ્યું : 'મેં ગઢડાની મૂર્તિઓની આરતી કરી છે. હવે તેની પ્રતિષ્ઠા યોગીજી મહારાજ કરશે. મારામાં અને યોગીમાં એક રોમનોય ફેર નથી. હું તે યોગી અને યોગી તે હું છું.' આ હતા તેમના છેલ્લા શબ્દો. વૈશાખ સુદ ચોથને દિવસે તેઓ અંતર્ધાન થયા. બીજે દિવસે તેમના ભૌતિક દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. સૌ હરિભક્તો શોકમાં ડૂબી ગયા. સૌ વિચારવા લાગ્યા : શાસ્ત્રીજી મહારાજ ગયા, હવે આપણું શું થશે ?' આ વિચારમાં કોઈને કાંઈ સૂઝે નહિ. તે વખતે યોગીજી મહારાજે સૌને હિંમત આપતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ? શાસ્ત્રીજી મહારાજ આપણી વચ્ચેથી ગયા છે તેમ મનાય જ નહિ, શાસ્ત્રીજી મહારાજ તો સત્સંગમાં સદાય પ્રગટ છે.' યોગીજી મહારાજના આવા મહિમાના શબ્દો સાંભળીને સૌને પ્રતીતિ થઈ કે 'જે શ્રીજીમહારાજ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રગટ હતા, તે જ શ્રીજીમહારાજ આજે યોગીજી મહારાજમાં પ્રગટ છે. શાસ્ત્રીજી મહારાજ હવે સૌને યોગીરૂપે સુખ આપશે. શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી છઠ્ઠે જ દિવસે, અર્થાત્ સંવત ૨૦૦૭ના વૈશાખ સુદ દશમને દિવસે ધામધૂમથી ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો યોગીજી મહારાજના સાન્નિધ્યમાં થયો. પચાસ હજાર હરિભક્તો ભેગા મળ્યા. 'શાસ્ત્રીજી મહારાજ સત્સંગમાં સદાય પ્રગટ છે' તેવી સૌને પ્રતીતિ થઈ ગઈ. વિરોધીઓનાં મન અશાંત થઈ ગયાં. તેમને તો એમ કે 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા એટલે હવે કોઈ ઉત્સવ-સમૈયામાં આવશે નહિ. અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય પડી ભાંગશે.' પરંતુ ગઢડામાં યોગીજી મહારાજનો પ્રતાપ જોઈ તેઓ અંજાઈ ગયા. ચારેકોર અક્ષરપુરુષોત્તમનો જયજયકાર થઈ ગયો. યોગીજી મહારાજના વિશાળ કાર્યનો પ્રારંભ શરૂ થયો. હવે યોગીજી મહારાજે સૌનાં હૃદયમાં સ્થાન લઈ લીધું.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. આપણે નીચામાં નીચી સેવા કરવી. (૩૨/૪૮)

જ. આપણે માન રાખીએ અટંટ થઈને ફરીએ તો સત્સંગમાં દેશકાળ લાગે પણ નિર્માની થઈને નીચામાં નીચી સેવા કરવા મંડીએ તો દેહાભિમાન ન આવે અને સત્સંગમાં ટકી જવાય.

૨. યોગીજી મહારાજે સાધુ નારાયણપ્રસાદને જીતી લીધા. (૧૭/૨૬)

જ. યોગીજી મહારાજનું ખૂબ અપમાન કરનાર દ્વેષી સાધુ નારાયણપ્રસાદના પગમાંથી કાંટો કાઢી, પાટાપીંડી કરી મગસ-પુરી જમાડી પથારી કરી સુવાડ્યા. સવારે કારિયાણી જવા ગાડું જોડાવી તૈયાર કરી આપ્યું. નારાયણપ્રસાદના હૃદયમાં પરિવર્તન થયું. તેમને થયું : મેં અપમાન કર્યું તો ય યોગીએ મારી સેવા કરી. મને એક શબ્દ પણ ઠપકાનો ન કહ્યો. મને યોગીજી મહારાજે પ્રેમથી જીતી લીધો.

૩. કૃષ્ણચરણદાસે નાના સંતોને ઝીણા ભગત જેવા તપસ્વી થવા ઉપદેશ આપ્યો. (૧૨/૧૭)

જ. ઝીણા ભગતની તપ અને ત્યાગની ભાવના જોઈ સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા. રાત્રે ઝીણા ભગતને પોતાની પાસે બોલાવી માથે બે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. બધા નાના સંતોને ઝીણા ભગત જેવા તપસ્વી થવા ઉપદેશ આપ્યો.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, સત્તરમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૯)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. બાળમંડળમાંથી ઘરે જતાં સૌને 'જય સ્વામિનારાયણ' કહી પછી જ ઘરે જવું. (૨૧/૪૭)

૨. આપણી પૂજામાં અક્ષરપુરુષોત્તમની (શ્રીજીમહારાજ ને ગુણાતીતાનંદસ્વામીની) મૂર્તિઓની સાથે આપણા ગુરુ પૂજ્ય ભગતજી મહારાજ, પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય યોગીજી મહારાજ અને પૂજ્ય નારાયણસ્વરૂપદાસજી (પ્રમુખસ્વામી મહારાજ)ની મૂર્તિઓ રાખવી જોઈએ. (૫/૮)

૩. આની તો ભગવાને રક્ષા ન કરી તો પણ ભક્તિ કરી, અને તેનો બાપ તો હિરણ્યકશિપુ જેવો કહેવાય. (૬/૧૧)

૪. શ્રીજીમહારાજે પગ લાંબા કરી દૂર પીપળે અડાડ્યા અને જમણા પગના અંગૂઠામાંથી તેજ નીકળ્યું. (૨૨/૪૯)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨ (૧૩/૨૩) **૨.** ૩, ૪ (૧૨/૨૧) **૩.** ૨ (૧૮/૩૯) **૪.** ૧, ૪ (૩/૪)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** નારાયણ (૨/૨) **૨.** અખંડાનંદ (૮/૧૪) **૩.** ખુદા (૧૪/૨૫) **૪.** મહેળાવ (૧૭/૩૮)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. શાસ્ત્ર સકળનો સાર પરમ એ, બ્રહ્મ અને પરબ્રહ્મ; જય જય બ્રહ્મ અને પરબ્રહ્મ ... જય જય૦
મૂળ અક્ષર એ બ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ; જય જય ગુણાતીતાનંદ ... જય જય૦ (૨૩/૫૦)

૨. બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી, જળે ભર્યા ચંબુ ચોખાળી..... જમો થાળ
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ધૃત સાકરમાં બોળી, કાઢ્યો રસ કેરીનો ઘોળી ... જમો થાળ
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી, પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી ...(૧૨/૨૨)

૩. શ્રીમન્નિર્ગુણ-મૂર્તિ સુંદર તનૂ , જે જ્ઞાનવાર્તા કથે, જે સર્વજ્ઞ, સમસ્ત સાધુગુણ છે, માયા થકી મુક્ત છે;
સર્વૈશ્વર્યથી પૂર્ણ, આશ્રિતજનોના દોષ ટાળે સદા, એવા પ્રાગજી ભક્તરાજ ગુરુને, પ્રેમે નમું સર્વદા. (૯/૧૭)

૪. શાસ્ત્રી મહારાજના ગુણ નિત્ય ગાઉં, યોગી મહારાજના ગુણ નિત્ય ગાઉં
પ્રમુખસ્વામીના ગુણ નિત્ય ગાઉં, તવ ચરણોમાં શીશ નમાવું. આશિષ વચન દ્યો આનંદકારી. (૩/૪-૫)

**પ્ર.૧૬** ''સ્વામિનારાયણ નામના મંત્ર ......'' (૧૬/૩૧) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**''સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી. ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે. એ મંત્રે વિષય ઊડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ અને માયાનું બંધન છૂટી જાય છે, એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું.''**

ભગવાનના નામના મંત્રમાં બહુ બળ છે. કાળા નાગનું ઝેર ચડે ને કાંઈ દવા ન કરે તો પણ ભગવાનના આ મંત્રથી ઝેર ઊતરી જાય. આ વાત આપણા ગુરુ યોગીજી મહારાજે સાબિત કરી બતાવી છે. ગોંડળમાં મંદિરનું કામ ચાલતું હતું. એક રાત્રે યોગીજી મહારાજને એક મોટો કાળો સર્પ તેમની આંગળીએ કરડ્યો. તેમને તો ખબર ન હતી. મંદિરમાં રહેતા ભક્તિવલ્લભ સ્વામીએ સાપ નીકળતો જોયો. તેમણે કહ્યું કે સ્વામીને તો આ ઝેરી સાપ જ કરડ્યો છે. તેમણે શાસ્ત્રીજી મહારાજને વાત કરી. સ્વામીએ કહ્યું કે 'દેરીમાં સૌ ધૂન કરો.' તેથી સૌએ ધૂન શરૂ કરી. ગોંડળના મહારાજાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે પોતાના ડૉક્ટરને સ્વામીની દવા કરવા મોકલ્યા, પણ સ્વામીએ કહ્યું કે અમારે દવા નથી કરાવવી. સ્વામિનારાયણ નામની ધૂનથી જ ઝેર ઊતરી જશે. પછી બાર કલાકે ઝેર ઊતરી ગયું. પણ ઝેર બહુ આકરું હતું. તે ડાબા હાથની પહેલી આંગળીનું હાડકું વળી ગયું. સ્વામીની પહેલી આંગળી સહેજ વાંકી વળી ગઈ હતી. માટે આપણે પણ એ સ્વામિનારાયણ મંત્ર ખૂબ જપીશું.

**પ્ર.૧૭** 'નાથભક્ત' (૨૦/૪૪) **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. વડોદરાના નાથભક્ત પોતાના ભેગા થયેલા પૈસામાંથી મહારાજ પાસે જઈ સંતોને જમાડી મહારાજની રજા લઈ ઘરે જવા નીકળ્યા.

૨. તેમની પાછળ મહારાજે બોલાવવા મોકલેલ ભક્ત છેક વિશ્વામિત્ર નદી પાસે ભેગાં થતાં ત્યાંથી જ નાથ ભક્ત પાછા વળી મહારાજ પાસે આવતાં મહારાજ ખૂબ જ રાજી થયાં.

૩. તેમનાં પત્નીને ધામમાં તેડવા મહારાજ વિમાન લઈને આવ્યા તેવાં સૌને દર્શન થયાં તેમણે જરા પણ શોક કે રોકકળ ન કરી.

૪. તેમનો દીકરો પ્રભુદાસ સમાધિમાં જઈ મહારાજ પાસેથી ખારેક, સાકર વગેરે પ્રસાદ લાવતો તે સોળ વર્ષની ઉંમરે ધામમાં ગયો ત્યારે નાથ ભક્તે ગામમાં સાકર વહેંચી.

૫. નાથ ભક્ત કહે એ પ્રભુનો દાસ, પ્રભુ એને ધામમાં લઈ જાય એ તો આનંદનો પ્રસંગ. એમાં શોક ન કરવાનો હોય, શ્રીજીમહારાજ સૌને તેમના જેવા ભક્ત થવાનું કહેતા.

❑ ❑ ❑